ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

# સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા સ્વર્ણિમ ગ્રંથાલયો : એક અભ્યાસ

**કમલેશકુમાર ડી.ધોળકિયા**

રીસર્ચ સ્કોલર

સી.યુ.શાહ યુનિવર્સિટી,

વઢવાણસીટી, ગુજરાત

**ડૉ. વસંતરાય એ. ચૌહાણ**

આસિ. પ્રોફેસર,

ડીપાર્ટમેન્ટ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ

સી.યુ.શાહ યુનિવર્સિટી,

વઢવાણસીટી, ગુજરાત

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

# સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા સ્વર્ણિમ ગ્રંથાલયો : એક અભ્યાસ

**સાર સંક્ષેપ :** પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા સ્વર્ણિમ ગ્રંથાલયો અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમા કાર્યરત ગ્રંથાલયો, ઉપલબ્ધ માહિતી સ્ત્રોતો, ગ્રંથાલય સ્ટાફ, સ્ટાફની લાયકાત વિગેરે બાબતનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો :** સ્વર્ણિમ ગ્રંથાલયો, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સ્વર્ણિમ ગ્રંથાલયો

## પ્રસ્તાવના:

સાર્વજનિક ગ્રંથાલય એટલે "લોકોનું, લોકો વડે, લોકો માટે સેવા આપતું ગ્રંથાલય". સાર્વજનિક ગ્રંથાલયમાં સમાજના વિવિધ જાતિના, બાળકો થી વૃધ્ધો સુધીના, ગરીબ થી લઈ ને તવંગર સુધીના, પુરૂષ હોય કે મહિલા તમામ સભ્યો હોય છે. સાર્વજનિક ગ્રંથાલય સરકારી ગ્રાન્ટથી ચાલતુ ગ્રંથાલય છે.

## સ્વર્ણિમ ગ્રંથાલયો કોને કહેવામાં આવે છે ? :

ઈ.સ.૧૯૬૦ ની ૧લી મે ના રોજ મરાઠી અલગતાવાદી પરીબળોના આંદોલનો અને મહાગુજરાત આંદોલનના કારણે મુંબઈ રાજયમાંથી ભાષાના આધારે ગુજરાત અને મહારાષ્ટ્ર એમ અલગ અલગ બે રાજયોની રચના કરવામાં આવી. ગુજરાતી ભાષા બોલનાર વિસ્તારમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ નો સમાવેશ કરવામાં આવ્યો. આવી રીતે ગુજરાતને પહેલી વાર સ્વાયત રાજયનો દરજ્જો મળ્યો. ગુજરાતની સૌ પ્રથમ રાજધાની અમદાવાદ હતી ત્યારબાદ ૧૯૭૦માં નવા બનેલા શહેર ગાંધીનગરમાં ગુજરાતની રાજધાની લઈ જવામાં આવી હતી. ગુજરાત રાજયની સ્થાપનાને ૨૦૧૦ ના વર્ષમાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦ ને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજયના જે નવા તાલુકાઓમાં ગ્રંથાલય સેવાઓ ઉપલબ્ધ ન હતી તે તાલુકાઓમાં સ્થાનિક પંચાયતોના સહયોગથી ગ્રંથાલયો શરૂ કરવાનું સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવ્યું અને તે ગ્રંથાલયોને સ્વર્ણિમ ગ્રંથાલય તરીકે નાભાભિધાન કરવામાં આવ્યું.

**સ્વર્ણિમ ગ્રંથાલય માટે શરૂઆતમાં ફાળવાયેલ રકમ :**

રાજય સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના ઠરાવથી ગુજરાત રાજયના ૩૩ તાલુકા મથકોએ સ્વર્ણિમ પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યા. આ ગ્રંથાલયો શરૂ કરવા માટે સરકારશ્રી દ્વારા ૫૮.૪૧ ( અંકે રૂપિયા અઠ્ઠાવન લાખ એકતાલીસ હજાર પુરા ) લાખ નવી બાબત તરીકે ૨૦૦૯—૨૦૧૦ ના વર્ષમાં મંજુર કરવામાં આવ્યા હતા. આ રકમ પૈકી ૪૯.૫૦ લાખ અનાવર્તક ખર્ચ એટલે કે પુસ્તકો તથા ફર્નિચર માટેની રકમનો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવી હતી. જયારે આવર્તક ખર્ચ ૮.૯૧ લાખની દરખાસ્ત અલગથી કરવાની શરતે મંજુરી આપવામાં આવેલ હતી.

**;\XMWGGF C[T]VM o**

૧. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલ સ્વર્ણિમ ગ્રંથાલયો તથા આ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતોની માહિતી મેળવવી.

૨ સ્વર્ણિમ ગ્રંથાલયોના સંચાલન તેમજ સ્ટાફ અંગેની માહિતી મેળવવી.

**સંશોધનનું કાર્યક્ષેત્ર અને મર્યાદાઓ:**

સંશોધક દ્વારા પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા કુલ ૧૨ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સ્વર્ણિમ ગ્રંથાલયોમાં તાજેતરમાં જે માહિતી સ્ત્રોતો ઉપલબ્ધ છે તેમજ ગ્રંથાલયો દ્વારા પ્રવર્તમાન સમયે ઉપલબ્ધ માહિતી સ્ત્રોતોને આધારે જે સેવાઓ આપવામાં આવે છે તે પુરતો જ તુલનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે.

**મર્યાદા :**

સંશોધનના કાર્યક્ષેત્ર ને ધ્યાનમાં રાખીને સંશોધનની કેટલીક મર્યાદાઓ નકકી કરેલ છે જે નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના જિલ્લાઓને જ ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

૨. આ સંશોધન માત્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સ્વર્ણિમ ગ્રંથાલયો પુરતું જ મર્યાદિત રહેશે. અનુદાનિત કે અન્ય ગ્રંથાલયનો સમાવેશ આ સંશોધનમાં કરેલ નથી.

૩. પ્રસ્તુત સંશોધનના અભ્યાસ દરમ્યાન જે ગ્રંથાલયો પ્રવર્તમાન હતા તેનો જ સમાવેશ કરવામાં આવેલ છે.

**સંશોધન પધ્ધતિ :**

સંશોધનકાર્ય માટે સંશોધક દ્વારા પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેમજ જરૂર હોય ત્યાં સ્વર્ણિમ ગ્રંથાલયોની તેમજ રાજય ગ્રંથાલય ભવનની રૂબરૂ મુલાકાત લઈને માહિતી એકત્રીત કરવામાં આવેલ છે

**માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન :**

**સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલ સ્વર્ણિમ ગ્રંથાલયો માં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતો:**

ગુજરાત રાજયના ૩૩ તાલુકાઓ પૈકી સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા સ્વર્ણિમ ગ્રંથાલયોની યાદી તેમજ આ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ વાંચન સામગ્રીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ગ્રંથાલયનું નામ અને સરનામુ | પુસ્તકાલયમાં ઉપલબ્ધ વાંચન સામગ્રી | | |
|---|---|---|---|---|
| | | પુસ્તકો | સામાયિકો | દૈનિકપત્રો |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>ગ્રામ પંચાયતની બાજુમાં,<br>મુ. તા. **મુળી–૩૬૩૫૧૦**<br>જિ: સુરેન્દ્રનગર | ૩૦૬૪ | ૦૩ | ૦૩ |
| ૨ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>ગ્રામ પંચાયત, બસ સ્ટેન્ડ પાસે,<br>મુ. તા. **ચુડા – ૩૬૩૪૧૦**<br>જિ :સુરેન્દ્રનગર | ચુડા ગ્રંથાલય હાલ કાર્યરત નથી. | | |
| ૩ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>નગર પાલિકાની કચેરી ઉપર,<br>**મુ. રાપર**<br>જિ : કચ્છ ભુજ | રાપર ગ્રંથાલય હાલ કાર્યરત નથી. | | |

VIDHYAYANA

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | **સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય**<br>ગ્રામ પંચાયત કચેરીના મકાનમાં,<br>**મુ. દયાપર તા. લખપત**<br>જિ : કચ્છ ભુજ | ૨૧૧૫ | ૦૬ | ૦૩ |
| ૫ | **સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય**<br>**મુ. તા. ભેંસાણ**<br>જિ : જુનાગઢ | ૨૩૫૦ | ૦૬ | ૦૩ |
| ૬ | **સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય**<br>ઘોઘા ઇંગ્લિશ સ્કુલના મકાનમાં<br>**મુ. તા. ઘોઘા**<br>જિ : ભાવનગર | ૩૪૬૫ | ૨૦ | ૦૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>માનસ કન્યા વિધાલયના મકાનમાં,<br>સીતારામ નગર, **મુ. પો. વલ્લભીપુર**<br>જિ : ભાવનગર | ૪૭૬૦ | ૧૨ | ૦૪ |
| ૮ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>એમ.ડી. પટેલ હાઈસ્કુલના મકાનમાં,<br>જી.ઈ.બી. સામે, ઢસા રોડ,<br>**મુ.તા. ગારીયાધાર**<br>જિ : ભાવનગર | ૩૧૧૫ | ૧૫ | ૦૪ |
| ૯ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>નગર પાલિકાના મકાનમાં, કન્યા વિનય મંદિર સામે, ગાંધી ચોક, **માણાવદર**<br>જિ : જુનાગઢ | ૬૦૬૭ | ૧૩ | ૦૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>કોમ્યુનિટી હોલ, ચાંદની નાકા રોડ,<br>**મુ.પો. લોધિકા–૩૬૦૦૩૫**<br>જિ : રાજકોટ | ૨૧૭૦ | ૨૫ | ૦૪ |
| ૧૧ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>તાલુકા કન્યાશાળા ના ગ્રાઉન્ડમાં,<br>બસ સ્ટેન્ડ પાસે,<br>**મુ.પો. કોટડા સાંગાણી–૩૬૦૦૩૦**<br>જિ : રાજકોટ | ૩૬૭૦ | ૨૨ | ૦૩ |
| ૧૨ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>પ્રાથમિક શાળા, બી.આર.સી. ભવન,<br>**મુ.પો. પડધરી**<br>જિ : રાજકોટ | ૨૯૦૦ | ૨૨ | ૦૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br><br>કન્યાશાળા ના મકાનમાં,<br><br>**મુ.પો. માળિયા મિયાણાં**<br><br>જિ : મોરબી | માળિયા મિયાંણા ગ્રંથાલય હાલ કાર્યરત નથી. | | |
| ૧૪ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br><br>શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટના આશ્રમમાં,<br><br>**મુ.પો. ટંકારા –૩૬૩૬૫૦**<br><br>જિ : મોરબી | ૩૧૯૩ | ૨૦ | ૦૪ |
| ૧૫ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br><br>તાલુકા શાળાનં. ૧, તાલુકા પંચાયત સામે,<br><br>**મુ.પો. ધ્રોલ – ૩૬૧૨૧૦**<br><br>જિ : જામનગર | ૨૫૫૯ | ૧૬ | ૦૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>ગ્રામ પંચાયતની બાજુમાં, બસ સ્ટેન્ડ રોડ,<br>**મુ.પો. જોડીયા–૩૬૧૨૫૦**<br>જિ : જામનગર | ૩૦૯૪ | ૧૬ | ૦૪ |
| ૧૭ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>પોલિસ ચોકીની બાજુમાં,<br>**મુ.પો. લાલપુર–૩૬૧૧૭૦**<br>જિ : જામનગર | ૨૫૦૩ | ૧૯ | ૦૪ |
| ૧૮ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>નગર પાલિકાના મકાનમાં,<br>**મુ.પો. સુત્રાપાડા**<br>જિ : ગીર સોમનાથ | ૨૮૬૦ | ૦૪ | ૦૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | સ્વર્ણિમ સરકાર માન્ય સાર્વજનિક તાલુકા પુસ્તકાલય<br>નગર પાલિકા કચેરીના કંમ્પાઉન્ડમાં,<br>મુ.પો. બરવાળા<br>જિ : બોટાદ | ૬૫૨૭ | ૧૫ | ૦૩ |





**Fig. 1 No. of Books Available in the Library**

સ્વર્ણિમ ગ્રંથાલયમાં ગ્રંથ સંગ્રહ અંગેનું વિશ્લેષણ કરતાં ૨૫૦૦ થી ઓછા પુસ્તકો ધરાવતાં ૩ ગ્રંથાલયો, ૨૫૦૧ થી ૩૫૦૦ સુધી પુસ્તકો ધરાવતાં ૯ ગ્રંથાલયો, ૩૫૦૧ થી ૫૦૦૦ પુસ્તકો ધરાવતાં ૨ ગ્રંથાલયો તેમજ ૫૦૦૦ થી વધુ ગ્રંથ સંગ્રહ ધરાવતા ૨ ગ્રંથાલયો છે. સ્વર્ણિમ ગ્રંથાલયો પૈકી હાલ ૩ ગ્રંથાલયો કાર્યરત નથી.





Fig. 2 No. of Periodicals Available in the Library

ઉપરોકત માહિતીનું વિશ્લેષણ કરતાં ૧૦ થી ઓછા સામાયિકો ધરાવતા ૪ ગ્રંથાલયો, ૧૧ થી ૧૫ સામાયિકો ધરાવતા ૪ ગ્રંથાલયો, ૧૬થી ૨૦ સામાયિકો ધરાવતા ૫ ગ્રંથાલયો, તેમજ ૨૧ થી ૨૫ સામાયિકો ધરાવતા ૩ ગ્રંથાલયો છે.





**Fig. 3 No. of News Paper Available in the Library**

ઉપરોક્ત માહિતીનું વિશ્લેષણ કરતાં ૦૫ ગ્રંથાલયોમાં ૧ થી ૩ વર્તમાન પત્રો, ૧૦ ગ્રંથાલયોમાં ૪ થી ૫ વર્તમાનપત્રો તેમજ ૦૬ કે તેથી વધુ વર્તમાનપત્રો માત્ર ૧ ગ્રંથાલયમાં વસાવવામાં આવે છે.

## સ્વર્ણિમ ગ્રંથાલયોના સંચાલન તેમજ સ્ટાફ અંગેની માહિતી :

સ્વર્ણિમ ગ્રંથાલયોમાં જે સંચાલકો નિમવાના નક્કી કરવામાં આવ્યા તે નિવૃત સરકારી કર્મચારી કે નિવૃત શિક્ષકને માસિક રૂા. ૧૦૦૦/– ના માનદ વેતનથી નિયુકત કરવા તેમજ રૂા. ૧૨૫૦/– માસિક રીતે સામાયિકો, દૈનિકપત્રો તેમજ અન્ય પરચુરણ ખર્ચના મળી કુલ ૨૨૫૦/– પ્રમાણે ગણી એક પુસ્તકાલય માટે વાર્ષિક રૂા. ૨૭,૦૦૦ લેખે ૩૩ પુસ્તકાલય માટે ૮.૯૧ લાખ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવ્યા હતા.

આ સ્વર્ણિમ ગ્રંથાલયોમાં નિયમિત સાફ સફાઈ થાય અને રોજબરોજ પાણી ભરવા તેમજ પરચુરણ ખર્ચને પહોચી વળવા પ્રતિમાસ ૨૫૦/– ખર્ચ પેટે ચુકવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બાદમા ગ્રંથાલયોના નિયંત્રણ અધિકારીઓની ખાતાના વડા સાથેની સંકલન બેઠકમાં થયેલ રજુઆતો ધ્યાને લઈને વર્તમાન સમયે ગ્રંથાલયોની નિયમિત સાફ સફાઈ થાય અને વાંચકો માટે પીવાના પાણી અને અન્ય પરચુરણ ખર્ચ માટે હાલની જોગવાઈ રૂા. ૨૫૦/– અપુરતી જણાતા રાજયના ૩૩

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

સ્વર્ણિમ ગ્રંથાલયોમાં આ જોગવાઈ રૂા. ૨૫૦/– થી વધારીને રૂા. ૭૫૦/– કરવા માહે નવેમ્બર –૨૦૧૬ થી સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવ્યું છે.

## ઉપસંહાર :

આ સંશોધનનો મુખ્ય હેતુ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા સ્વર્ણિમ ગ્રંથાલયોનું સંચાલન કઈ રીતે થાય છે તેમજ આ ગ્રંથાલયોમાં કેવા પ્રકારની સેવાઓ પુરી પાડવામાં આવે છે તેની માહિતી મેળવવાનો હતો. આ અભ્યાસ દરમ્યાન જાણવા મળ્યું છે કે તમામ સ્વર્ણિમ ગ્રંથાલયોમાં ગ્રંથપાલ તરીકે કોઈ નિવૃત કર્મચારી માનદવેતનથી કાર્ય કરે છે. આ કર્મચારીએ લાયબ્રેરી સાયન્સનો અભ્યાસ કરેલો નથી અથવા તો ગ્રંથાલયના સંચાલન માટે આવા કર્મચારીઓએ કોઈ અભ્યાસ કરી પદવી મેળવેલી હોતી નથી તેથી આ કર્મચારીઓ વધુ સારી સેવા વાંચકોને આપવા ઈચ્છતા હોય તો પણ તેમની ગ્રંથાલય સેવા અંગેની જાણકારીની મર્યાદાને કારણે વધુ સારી સેવા આપી શકતા નથી. ગ્રંથાલયોનો વિકાસ ગ્રંથાલય દ્વારા પુરી પડાતી સેવાઓ પર નિર્ભર છે. વધુ સારી સેવાઓ પુરી પાડવા માટે ગ્રંથાલયના કર્મચારીઓની આવડત અને નવા પ્રવાહો વિશે માહિતગાર રહેવાની કર્મચારીઓમાં ધગશ જરૂરી છે. પુસ્તકોના વર્ગીકરણ માટે પ્રચલિત વર્ગીકરણ પધ્ધતિ ગ્રંથપાલ દ્વારા ઉપયોગમાં લેવાયેલ નથી. ગ્રંથાલયના કર્મચારીને ચુકવવામાં આવતુ માનદવેતન માસિક રૂા. ૧૦૦૦ છે જે હાલના સમયમાં ઘણું જ ઓછુ કહી શકાય તેમજ માનદવેતન સિવાય પુસ્તકો કે દૈનિક પત્રો માટે મળતી ગ્રાન્ટ પણ નહીવત છે જે પુસ્તકાલયના નિભાવ ખર્ચ માટે પર્યાપ્ત નથી. સરકારશ્રી દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણુંક કરવામાં આવે તેમજ આવા ગ્રંથાલય કર્મચારીઓને નિયમાનુંસાર પગાર ધોરણ આપવામાં આવે તો જરૂરથી આ ગ્રંથાલયો વધુ સારી રીતે લોકોને સેવા પુરી પાડી શકશે.

## સંદર્ભ સૂચી


૧. મહીડા તૃપ્તિબેન દિલિપસિંહ, સાર્વજનિક પુસ્તકાલયનો વિકાસ અને દિશા, ૫ મો રાષ્ટ્રીય ગ્રંથાલય પરિસંવાદ અને ગુ.ગ્રં.સે.સં.નો ૩૧ મો ગ્રંથાલય પરિસંવાદ–૨૦૧૫

૨. Sarkaari Jaher Granthlay karmchari mandal. (2014). Granthlay smarnika.

૩. ગુજરાત સરકારશ્રીનો ઠરાવ ક્રમાંક ગથલ–૧૦૨૦૦૮–૨૦૬૩ તા. ૨૫/૦૮/૨૦૦૯

૪. ગુજરાત સરકારશ્રીનો ઠરાવ ક્રમાંક ગથલ–૧૦૨૦૦૮–૨૦૬૩ તા૧૬/૦૨/૨૦૧૦

૫. ગ્રંથાલય નિયામકશ્રી, ગાંધીનગરનો કચેરી આદેશ ક્રમાંક ગ–૧/સ્વર્ણિમ ગ્રંથાલય/ ૨૦૧૬ –૧૭/૯૮૪૩–૯૯૩૩ તા. ૦૪/૧૧/૨૦૧૬